શ્રી રામચંદ્ર મિશન

# એકોઝ ઈન્ડિયા

સપ્ટેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૫

પ્રિય બહેનો અને ભાઈઓ,

પ્રણામ.

તિરુપુરમાં પૂજ્ય માસ્ટરના ૮૩ માં જન્મદિવસના ઉત્સવ દરમ્યાન 'એકોઝ ઈન્ડિયા'ના સ્ટોલમાં ઘણાં બધાં અભ્યાસીઓને મળવાનું થયું, તે આપણા બધા માટે એક આનંદનો પ્રસંગ હતો.

વિભિન્ન ભાષાઓમાં મળીને ૩૫૦થી પણ વધુ અભ્યાસીઓએ 'એકોઝ ઈન્ડિયા ન્યુઝલેટર'ના સભ્યપદ માટે નોંધણી કરાવી, તેના માટે અમે પ્રસન્નતા અનુભવીએ છીએ.

એકોઝ ઈન્ડિયાના વ્યવસ્થાપકો તેમજ સ્વયંસેવકો સાથેની અમારી મુલાકાતથી અમને આ ન્યુઝલેટરની વ્યવસ્થાને તેમજ વહેંચણીને લગતા મુદ્દાઓ પર વધુ વિચારવામાં મદદ મળી છે.

પ્રસ્તુત અંકમાં, સમગ્ર દેશમાં ૧૨મી ઓગસ્ટે યોજવામાં આવેલ 'યુનાઈટેડ નેશન્સના ઈન્ટરનેશનલ યુથ ડે'ના 'ઓલ ઈન્ડિયા નિબંધ લેખન ઈવેન્ટ' વિષેના અહેવાલ છે.

તે ઉપરાંત, ઝોનલ સમાચાર જેવા કે ઈન્દોર (એમ.પી)માં યોજાયેલ પ્રીફેક્ટ મીટીંગ, ચિત્તુરમાં મિશનની પ્રવૃત્તિઓની શરૂઆત, રામગઢ(ઝારખંડ)માં મેડિટેશન હોલનું ઉદઘાટન, વિવિધ ઝોનમાં ઓપન હાઉસ અને અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ વિષેની માહિતી પણ આ અંકમાં આપવામાં આવી છે.

અમને આશા છે કે વાચકોને આ અંક ગમશે અને પૂ.માસ્ટરે કહ્યું છે તેમ, 'વાંચો અને આનંદ મેળવો' તેમજ 'કરો અને અનુભવો'નો અનુભવ સૌને મળશે.

સપ્રેમ

સંપાદકીય ટીમ

## ચેન્નાઈ



તિરુપુર ખાતેના તેમના જન્મદિવસના ઉત્સવ પછી પૂજ્ય માસ્ટર ૩જી ઓગસ્ટના રોજ ચેન્નાઈ પાછા ફર્યા. વિમાનમથકે જે અભ્યાસીઓ ભેગા થયા હતા. તેમણે તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યુ. કોઈક કારણસર તેમને થોડા લાંબા અંતર સુધી ચાલવુ પડ્યું પણ તેમની મોટરકાર સુધી આ અંતર ચાલવામાં તેમને આનંદ આવ્યો. અભ્યાસીઓએ તેમની પાસેથી આ શીખવું જોઈએ કે નાની કે મોટી, ગમે તેવી પરિસ્થિતિ હોય, પૂ.માસ્ટર તેને અનુરૂપ બની જાય છે.



પૂ.માસ્ટરે તેમના પુસ્તક 'ડાઉન મેમરી લેન'માં પોતાના નાનપણના દિવસો કે જે તેમણે જબલપુરમાં વિતાવ્યા હતા, તે વિષે અને ક્રાઈસ્ટ ચર્ચ સ્કુલમાં વિતાવેલા દિવસો વિષે વિસ્તૃત રીતે લખ્યું છે. અંગત વાર્તાલાપ વખતે પણ તેઓ તે દિવસોને અવારનવાર યાદ કરે છે. તેથી જ્યારે ક્રાઈસ્ટ ચર્ચ સ્કુલના વર્તમાન પ્રિન્સિપાલે ૪થી ઓગસ્ટે તેમને મળવા મામાટે ફોન કર્યો, ત્યારે તેઓ ઘણાં જ ખુશ થયા હતા.



ક્રાઈસ્ટ ચર્ચ બોયઝ સિનિયર સેકંડરી સ્કુલ, જબલપુરના વર્તમાન પ્રિન્સિપાલ શ્રી એલ. મેથ્યુની સાથે ચર્ચ ઓફ નાનોર્થ ઈન્ડિયા જબલપુર ડીઓસીસના બિશપ અને સી.એન.આઈ સ્કુલના અધ્યક્ષ, શ્રી પી.સી.સીંઘ પણ હતા. પૂ.માસ્ટરે પોતાના સ્કુલના દિવસો યાદ કરતાં કરતાં તેમની સાથે કેટલોક સમય ગાળ્યો. આગંતુકો આશ્રમમાં ફર્યા અને તેમણે ત્યાંના દિવ્ય વાતાવરણ વિષે ઉલ્લેખ કર્યો અને ત્યાં હોવા બદલ તેમનો આનંદ વ્યકત કર્યો.



૫મી ઓગસ્ટે રક્ષાબંધન હોવાથી, બાળકો સહિત ઘણા અભ્યાસીઓએ પૂ.માસ્ટરના હાથ પર રાખડી બાંધી અને પૂ.માસ્ટરે કોઈને પણ નિરાશ કર્યા વગર તે સહર્ષ સ્વીકારી હતી. એ દિવસે સાંજે પણ 'ગોલ્ફ કાર્ટ'માં આંટો મારતી વખતે ઘણા અભ્યાસીઓ તેમને મીઠાઈ આપવા તેમજ રાખડી બાંધવા લાઈનબંધ ઊભા હતા.

૧૩મીથી ૧૬મી ઓગસ્ટ દરમિયાન રજાઓને લીધે લંબાવાયેલા સપ્તાહના અંતે ઘણાં અભ્યાસીઓ ચેન્નઈમાં આવ્યા હતા. ૧૩મીના રોજ જન્માષ્ટમી હોવાને લીધે અભ્યાસીઓના હર્ષ વચ્ચે પૂ.માસ્ટરે મેડિટેશન હોલમાં આવીને ધ્યાનની બેઠક આપી. ૧૫મી ઓગસ્ટ ભારતનો સ્વતંત્રતા દિવસ હોઈ રજા હોવાને કારણે પૂ.માસ્ટરે મેડિટેશન હોલમાં સત્સંગ કરાવ્યો હતો. ભાઈ શશાંક કે જે નિપૂણ વાંસળીવાદક છે તેમણે સૌના આશ્ચર્ય વચ્ચે પૂ.માસ્ટરના કોટેજમાં સત્સંગ પછી વાંસળી વગાડી. તેમનું વાંસળીવાદન અત્યંત સુંદર હતું અને પૂ.માસ્ટર ઘણા આનંદિત થયા હતા.

૧૬મી ઓગસ્ટે સવારના ૭:૧૦ વાગે પૂ.માસ્ટર મેડિટેશન હોલમાં આવી ગયા અને તેમણે અભ્યાસીઓ માટે ઘણી ધીરજથી રાહ જોઈ હતી. સત્સંગ શરૂ કરતાં પહેલા તેમને ૭:૨૫ વાગ્યા સુધી રાહ જોવી પડી. નીચેના મુદ્દાઓ ઉપર ભાર મૂકવા માટે એનાઉન્સમેન્ટ પણ કરવામાં આવી હતી.





શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડિયા
Master's Tour / H.Q. News
સપ્ટેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૫

'અભ્યાસી બનવું એ એક મોટી ભેટ છે; સત્સંગમાં હાજર રહેવું એ એનાથી પણ મોટી ભેટ છે અને માસ્ટરની ઉપસ્થિતિમાં સત્સંગમાં હાજર રહેવું એ એક બહુમૂલ્ય ભેટ છે. પરંતુ અભ્યાસીઓની એ એક ફરજ બને છે કે તેઓ માસ્ટર (અથવા પ્રશિક્ષક) હોલમાં આવે, તેની ૩૦ મિનિટ પહેલાં હોલમાં આવી જાય. માસ્ટર અથવા પ્રશિક્ષકને રાહ જોવડાવવી એ શિસ્ત નથી.

સત્સંગમાં આપણને અપાતી એ દિવ્ય ભેટને પ્રાપ્ત કરવા માટે આપણે પહેલા આવીને પોતાની જાતને તૈયાર કરવી જોઈએ.' આગામી સપ્તાહમાં, આ એનાઉન્સમેન્ટની અસર જણાઈ, અને જ્યારે પૂ.માસ્ટરના આવતા પહેલાં જ મેડીટેશન હોલ ભરાઈ ગયો.

સ્વાઈન ફલુના ફેલાવાને લીધે પૂ.માસ્ટરે પોતાની આગામી યાત્રાઓ રોકી દીધી હતી. ભારતભરમાંથી તેમને મળવા અભ્યાસીઓ આવ્યા હતા અને તેથી પૂ.માસ્ટર ઘણા દિવસો સુધી વ્યસ્ત રહ્યા. વ્યવસ્થાને લગતા કાર્યો, પ્રશિક્ષકો બનાવવાનું કાર્ય, તેમની કોટેજમાં ધસી આવતા અભ્યાસીઓને મળવુંમની વ્યસ્તતાનો તો અંત જ નથી. તેમનું કાર્ય વધતું જ જાય છે અને તેઓ તેમના માટે જે શિસ્તનું પાલન કરે છે ( અને તેને લીધે બીજાઓ માટે પણ ) તે દ્રષ્ટાંત પૂરું પાડે છે. તેમનાં કાર્યનીતિ અને નાનામાં નાની વસ્તુમાં પણ ઝીણવટથી ધ્યાન આપવાની તેમની રીત દ્વારા આપણે ઘણું શીખવાનું છે.

અભ્યાસીઓ સાથેની અનૌપચારિક વાતચીત દરમિયાન પૂ.માસ્ટરે કહેલા કેટલાંક મુદ્દાઓ :

૧) ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં (ચેન્નઈ આવૃત્તિ, તા.૨૩મી ઓગસ્ટ, રવિવાર) એક સમાચાર એ હતા કે જો કોઈ વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોન વાપરે, તો ચેન્નઈ હાઈકોર્ટે વાહનચાલકનો ( કાર/ ટુ વ્હીલર) મોબાઈલ ફોન જપ્ત કરવાનો અધિકાર આપ્યો હતો, તે વાંચીને માસ્ટરે ખાસ એ જણાવ્યું કે 'હું તમને બધાંને વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ નહીં જ કરવા માટે ભારપૂર્વક કહું છું. જો તમારે ફોનનો ઉપયોગ કરવો પડે, તો વાહનને રસ્તાની એક બાજુએ ઊભું રાખીને પછી જ ફોન લેવો.'

૨) માફ કરો અને ભૂલી જાઓ: જ્યારે એક અભ્યાસીએ પૂ.માસ્ટરને પૂછ્યું કે, જયારે કોઈ તેની ભૂલનું પશ્ચાતાપ કરે, તો શું તમે તેને માફ કરો છો અને ભૂલી જાઓ છો?' પૂ.માસ્ટરે ઉત્તર આપતાં કહ્યું કે, 'હું તેને તરતજ માફ કરી દઉં છું, પરંતુ ભૂલી જવાનું તો ફક્ત તે વ્યક્તિના હાથમાં જ છે. જ્યાં સુધી તે વ્યક્તિ કોઈ વાતને યાદ રાખશે, ત્યાં સુધી મારે એ ભૂલવાનું શક્ય નથી.'

૩) શિસ્ત વિષે : 'જાતે રસ લેવાથી બધા જ પ્રકારની શિસ્ત ઉદભવે છે, જ્યારે વિલાસથી બધા જ પ્રકારની ગેરશિસ્ત ઉદભવે છે.

# એનાઉન્સમેન્ટ્સ



## ભોજન પહેલા પ્રાર્થના કરવાની પૂ.માસ્ટરની વિનંતી

મોલેના આશ્રમ, ઓગસ્ટ ૨૦૦૩

'આપણે હજી પણ આપણાં ભોજન અને તેની શુધ્ધતા માટે ચિંતિત છીએ. આપણે જે પણ ખાઈએ છીએ તેમાં રહેલાં હાનિકારક જંતુઓ વિશે હું વાત નથી કરતો કે જેને કારણે આપણે માંદા પડીએ છીએ, પરંતુ હું ભોજનની આધ્યાત્મિક શુધ્ધતા વિષેની વાત કરવા માંગુ છું.

પૂ.બાબુજીએ આપણને આધ્યાત્મિકતાની દ્રષ્ટિએ બધું જ સ્વાદિષ્ટ અને સારું બનાવવાનો રસ્તો બતાવ્યો છે. તેમણે કહ્યું હતું કે, 'ભોજન પહેલાં, અમુક ક્ષણ માટે ધ્યાન કરો અને તે તમારા માસ્ટરને અર્પણ કરો.' મને નથી લાગતું કે કોઈ આ પ્રમાણે કરતું હોય. કદાચ કોઈ પણ નહીં ...તો તે અજમાવી જુઓ.પછી ભલે તે એક સેન્ડ્વીચ કે એક કુકી હોય.(અમેરિકામાં બિસ્કિટને કુકી કહેવામાં આવે છે.) આંખો બંધ કરીને એક ક્ષણ માટે વિચારો કે દિવ્ય ગુરુજી તે આરોગી રહ્યા છે અને તમે જોશો કે ભોજન અમૃત જેવું બની ગયું છે. તે હવે ભારતીય ભોજન નથી રહેતું કે અમેરિકન ભોજન નથી રહેતું, તે ભોજન પણ નથી રહેતું. તે અમૃત બની જાય છે અને અમૃત સૌને માટે હોય છે. આ કોઈ ઈસાઈ અમૃત કે હિંદુ અમૃત નથી હોતું કે પછી મુસ્લિમ અમૃત કે બૌધ્ધ અમૃત પણ નથી હોતું, પરંતુ તે ઈશ્વરીય અમૃત બની જાય છે.

## સ્કોલરશીપ ટ્રેનિંગ પ્રોગ્રામ– ભારત

૨૬ સપ્ટેમ્બરથી ૨જી ઓક્ટોબર સુધી ભારતમાં અભ્યાસીઓ માટે પ્રથમ સ્કોલરશીપ ટ્રેનીંગ પ્રોગ્રામ કોલકતા આશ્રમમાં રાખવામાં આવ્યો છે. આ પ્રોગ્રામ અંગ્રેજીમાં હશે અને ત્યાં રહેવાની સગવડ પણ હશે.

આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય નવા અને ઉભરતા સેન્ટરોના અભ્યાસીઓને મિશનમાં વધુ ને વધુ કાર્યરત કરવા માટે ઉત્સાહિત કરવાનો છે. તેઓ અભ્યાસમાં નિયમિત થાય તે ઉપરાંત તેઓ તેમની કાબેલિયત પ્રમાણે મિશનને બધી જ રીતે સેવા આપી શકે, તે પણ આનો ઉદ્દેશ્ય છે.

આ પ્રોગ્રામ શરૂ કરવા માટે યુ.પી.(પૂર્વ), પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, ઉત્તર પૂર્વના રાજ્યો, આસામ, બિહાર અને ઝારખંડ, ઉત્તરાંચલ અને ચંડિગઢના ઝોન–ઈન–ચાર્જ તેમના ઝોનમાંથી અભ્યાસીઓની પસંદગી કરીને તેમની અરજીઓ આ પ્રોગ્રામ માટે મોકલશે. આ પ્રથમ પ્રોગ્રામ માટે પસંદ થયેલાં ૩૦થી ૩૫ અભ્યાસીઓનો સમૂહ બનાવાશે.

## રિટ્રીટ સેન્ટર માટેનું સમયપત્રક

એસ.એમ.એસ.એફ. રિટ્રીટ સેન્ટરોનાં ઉપયોગ માટે ૧લી ઓક્ટોબર ૨૦૦૯થી સમય પત્રક બદલવામાં આવ્યું છે.

બહેનો અને ભાઈઓ ને અલગ અલગ, જુદા જુદા મહિનાઓ ફાળવવામાં આવશે. આ મહિનાઓ આ પ્રમાણે છે. બહેનો માટે ઓક્ટોબર ૨૦૦૯, ડિસેમ્બર ૨૦૦૯ તેમજ ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન, ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બર ૨૦૧૦ ફાળવવામાં આવ્યાં છે.

જ્યારે ભાઈઓ માટે નવેમ્બર ૨૦૦૯ અને જાન્યુઆરી, માર્ચ, મે, જુલાઈ, સપ્ટેમ્બર અને નવેમ્બર ૨૦૧૦ ફાળવાશે.

જેમને પહેલાથી અનુમતિપત્રો મળ્યા છે તેમને સૌને ફરીથી આ સમયપત્રક પ્રમાણે પોતાની તારીખો બદલવા માટે વિનંતી કરવામાં આવે છે. તે બધાંને અલગથી, ઈ–મેઈલ દ્વારા પણ જાણ કરવામાં આવશે. આને લગતાં કોઈ પણ પ્રશ્નો હોય, તો તે retreat@sahajmarg.org પર મોકલવા વિનંતી છે. રિટ્રીટમાં કોઈ પણ સમયે બાળકોને પ્રવેશ આપવામાં આવતો નથી, જેની નોંધ લેવા સર્વને વિનંતી.

શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડિયા
Zonal Activities
સપ્ટેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૫

## ક્રેસ્ટ, બેંગલોર – ત્રીજો વાર્ષિકોત્સવ



૯મી ઓગસ્ટે બેંગલોરના ક્રેસ્ટ ખાતે તેનો ત્રીજો વાર્ષિક ઉત્સવ ઉજવાયો હતો, તે પ્રસંગે સ્વયંસેવકો, વ્યવસ્થાપકો અને શિક્ષકગણનું સંમેલન થયું હતું. પૂ.માસ્ટરે ૯મી ઓગસ્ટ, ૨૦૦૬ના રોજ બેંગલોર ખાતે, ક્રેસ્ટના પ્રથમ, બે–સપ્તાહના સેમિનારનું ઉદઘાટન કર્યું હતું.

સંમેલનની શરૂઆત સવારના સત્સંગથી થઈ હતી અને બપોરના ભોજન બાદ તેની પૂર્ણાહુતિ થઈ હતી. આ દરમિયાન ૧૧૦ અભ્યાસીઓ ભેગાં થયાં હતાં. ક્રેસ્ટના ડિરેક્ટર, ભાઈ શ્રી.આર.જગનનાથને ક્રેસ્ટમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓનો એક અહેવાલ રજૂ કર્યો હતો.

'મિશનમાં આપવામાં આવતી સેવા અને તેનાં વિવિધ પાસાંઓ' એ વિષય પર એક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. પેનલ તરીકે, ચર્ચાના મુખ્ય સંચાલકો હતા, ભાઈ ભાસ્કર રાવ, ભાઈ કે.ટી.મંજુનાથ અને ભાઈ બી.જી.સુબ્રમનીયા, ભાઈ બી.શ્રીનિવાસ આ ચર્ચાના મોડરેટર હતા. આ વિષય પર વિવિધ મુદ્દાઓ રજૂ થયાં હતાં અને પેનલ નિષ્ણાંતોએ તેમનાં વિચારો રજૂ કર્યા. શ્રોતાજનોએ પ્રશ્નો પૂછયાં અને કેટલીક સ્પષ્ટતાઓ માંગી હતી. સેવા કરતાં કરતાં નિયમિત સાધના કરવી અને માસ્ટરને શરણે જવાની વાત પર ચર્ચામાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પછી ભક્તિગીત, વાંસળીવાદન અને 'સાચું મૂલ્ય' પર એક નાની નાટિકાનો સાંસ્કૃતિક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

સહાયક ડિરેક્ટર, ભાઈ પ્રમોદ જોશીએ આભાર વ્યક્ત કર્યો. સૌએ પૂ.માસ્ટર માટે ઉત્સાહ અને પ્રેમથી કાર્ય ચાલુ રાખવાનો ઉમંગ અનુભવ્યો હતો.

## મેડિટેશન હોલનું ઉદઘાટન, રામગઢ, ઝારખંડ

રામગઢ સેન્ટરના અભ્યાસીઓ માટે શનિવાર, ૮મી ઓગસ્ટ, એ આનંદભર્યો દિવસ હતો. પૂ.માસ્ટરની કૃપાથી મેડિટેશન હોલનું ઉદઘાટન શ્રી રાજનાથ તિવારીએ કર્યું હતું, જેઓ ૧૯૭૦થી સહજ માર્ગ પદ્ધતિનો અભ્યાસ કરી રહ્યા છે. ઉદઘાટન પ્રસંગે જુદા જુદા સેન્ટરોમાંથી અભ્યાસીઓ તેમજ ઝોન–ઈન–ચાર્જ શ્રી જી.એમ.ભટનાગર ઉપસ્થિત રહ્યા હતા અને ઉદઘાટન પછી સત્સંગ કરવામાં આવ્યો હતો.

નાસ્તા પછી, નવા અભ્યાસીઓ માટે તાલીમ કાર્યક્રમ શરૂ થયો હતો, જેમાં ધ્યાન, સફાઈ, પ્રાર્થના અને સતત સ્મરણ એ ચાર મુખ્ય વિષયો પર ચર્ચા થઈ હતી. આ સત્ર માટે ભાઈ પરમાનંદ પાંડે તથા બહેન અલ્પના તિવારીએ શિક્ષકો તરીકે સેવાઓ આપી હતી. ત્યાર પછીની સભામાં રાંચી કેન્દ્રની બહેન અનિતા તિવારીએ અભ્યાસીઓ માટે એક પ્રશ્નાવલીની હરીફાઈ યોજી હતી. તેના પછી "ગુરુ શું છે? એ વિષય પર સીડી જોવાનો કાર્યક્રમ યોજાયો હતો.

તેની સાથે જ ઝોન નં.૧૭ના પ્રશિક્ષકોની મિટિંગ પણ યોજાઈ હતી. તિરૂપુર ખાતે યોજાયેલ પ્રશિક્ષકોની મિટિંગમાં ચર્ચાયેલ આચારસંહિતા, માસિક તથા ઝોનલ અહેવાલોનું કેલેન્ડર, કેન્દ્રોમાં વૃદ્ધિ સંબંધિત પ્રવૃત્તિઓ, એસ.એમ.આર.ટી.આઈ કાર્યક્રમો, શિક્ષક વિકાસ, મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ, એકોઝ ન્યુઝલેટર, વિગેરે ચર્ચાના કેટલાક મુખ્ય મુદ્દાઓ હતા. સાંજના સત્સંગ બાદ બાળકોએ ભજનો રજૂ કર્યા હતા.

બીજા દિવસના કાર્યક્રમની શરૂઆત સવારના સત્સંગ સાથે થઈ. સત્સંગ પછી એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું, જેમાં લગભગ ૩૦ વ્યક્તિઓએ ભાગ લીધો જે પૈકી ૧૫ વ્યક્તિઓ એ સાધના શરૂ કરી અને પાંચ વ્યક્તિઓ ટૂંકમાં જોડાઈ જવાની અપેક્ષા છે. અંદાજે ૨૦૦ અભ્યાસીઓએ આ બે દિવસીય કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## ગોદાવરીખાની–ભંડારામાંથી શીખેલા પાઠો:

ગોદાવરીખાની કેન્દ્રએ રવિવાર તા.૯ ઓગસ્ટ,૨૦૦૯ના રોજ આખા દિવસનો કાર્યક્રમ રાખ્યો હતો જેમાં લગભગ ૧૨૫ અભ્યાસીઓની હાજરી હતી. સમગ્ર કાર્યક્રમનું કેન્દ્રબિંદુ પૂ.માલિકના તિરુપુર ખાતેના જન્મોત્સવ દરમિયાનના અનુભવો તથા તેમાંથી શીખેલા પાઠોની ચર્ચા કરવાની હતી. અભ્યાસીઓને થયેલા સામાન્ય અનુભવો તથા શીખેલા પાઠો તેમણે વર્ણવ્યા પ્રમાણે નીચે મુજબ હતાં:

* કોઈ અભ્યાસી પૂ.માલિકને વ્યક્તિગત રીતે મળી શક્યા કે નહીં તેને ધ્યાનમાં ન લેતાં ભંડારાના સમગ્ર સમયગાળા દરમિયાન તેમની સાથે આંતરિક સામીપ્યતાનો અનુભવ થયો હતો.

* ઉત્સવમાંથી પાછા ફર્યા બાદ હૃદયમાં ઊંડી તડપ તથા દુન્વયી ચીજો પ્રત્યે આસક્તિ ઘટેલી અનુભવાતી હતી.

* ભંડારામાંથી પાછા ફર્યા બાદ વ્યક્તિગત બેઠકો અને સામુહિક સત્સંગમાં ઊંડી શાંતિનો અહેસાસ થયો હતો.

* અભ્યાસીઓએ એ બાબતના ઘણા વખાણ કર્યા કે ઓછા સ્વયંસેવકો સાથે ઉત્સવના સ્થળે, વધુ કાર્ય સંપન્ન થયું, જે સારા જૂથ કાર્યની અસરકારકતા દર્શાવે છે. સ્થાનિક કક્ષાએ પણ આ જ બાબતનું પ્રતિબિંબ પડવું જોઈએ.

* તિરુપુરમાં દેખીતી રીતે જણાતું હતું તેમ દરેક જણે ભાઈચારાની એવી સાચી ભાવનાની જરૂરિયાત દર્શાવી કે જેમાં સ્થાનિક અભ્યાસીઓ અને અન્ય કેન્દ્રના અભ્યાસીઓ વચ્ચે કોઈ ભેદભાવ ન હોય.

શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડિયા
Zonal Activities
સપ્ટેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૫

## અખિલ ભારતીય નિબંધ લેખન સ્પર્ધા

પૂ.માલિક આજના બાળકો અને યુવાનોને વધુ મહત્ત્વ આપે છે કેમકે તેઓ એવી બાંધકામની ઈંટો સમાન છે, જેઓ આપણા ભવિષ્યનો પાયો છે. આ નિબંધ લેખન સ્પર્ધા સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા આંતરરાષ્ટ્રિય યુવા દિવસ તરીકે ઉજવાતા ૧૨ ઓગસ્ટના દિવસે શૈક્ષણિક સંસ્થાઓમાં અને શ્રી રામચંદ્ર મિશનના કેન્દ્રો પર યોજવામાં આવી હતી. શ્રી રામચંદ્ર મિશન દ્વારા આ સ્પર્ધા સંયુક્ત રાષ્ટ્ર સંઘ (ભારત અને ભુતાન) માહિતી કેન્દ્રના સહયોગ દ્વારા યોજવામાં આવી હતી. આ નિબંધ લેખન સ્પર્ધા બાળકો અને યુવાનોને પ્રેમ,સહિષ્ણુતા જેવા મૂલ્યો વિષે વિચારતા કરવા માટે તેમને પ્રેરણા તથા પ્રોત્સાહન પૂરા પાડવાના હેતુથી યોજાય છે.એક માનવજાતિનું આપણું લક્ષ પામવા માટે તથા ભાષાના અંતરાયોને ઓળંગી જવા માટે આ નિબંધ લેખન સ્પર્ધાનું ૧૩ પ્રાદેશિક ભાષાઓમાં આયોજન કરવામાં આવ્યુ હતું. સમગ્ર દેશની શાળાઓ અને કોલેજોમાં ખૂબજ ઉત્સાહસહિત આ નિબંધ લેખન કાર્યક્રમનું સ્વાગત કરવામાં આવ્યુ હતું.

કેરાલામાં અલુવાના પ્રાદેશિક આશ્રમ ખાતે વિવિધ કેન્દ્રોમાંથી ૧૪૦ સ્વયંસેવકોને તાલીમ આપવામાં આવી હતી.રાજ્યના વિવિધ ભાગોમાંથી આશરે ૧૦૦૦ શાખાઓ અને કોલેજોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.આ કાર્યક્રમના પોસ્ટરો આગળ પડતી રીતે દર્શાવવામાં આવ્યા હતા અને આ સરળ પરંતુ વિચારપ્રેરક મુદ્દાઓએ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં રમૂજ અને જિજ્ઞાસા ઉત્પન્ન કર્યા અને તેમાંના ઘણાંએ મિશન વિષે જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. કેટલીક શાળાઓએ બાળકોમાં મૂલ્યોનું સિંચન કરવા આવા બીજા કાર્યક્રમો યોજવાની વિનંતી કરી. સ્વયંસેવકો લખાયેલા નિર્ણયો ભેગા કરવા માંડ્યા છે અને અલુવાના પ્રાદેશિક આશ્રમ માટે મૂલ્યાંકનનું કાર્ય હાથ ધરવામાં આવશે. પસંદ કરાયેલા નિબંધો ત્યારબાદ રાષ્ટ્રિય કક્ષાએ મૂલ્યાંકન માટે મોકલવામાં આવશે.





અમદાવાદની ૨૦૩ સંસ્થાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. ગુજરાતી,હિન્દી તથા અંગ્રેજી ભાષામાં લખાયેલા આશરે ૯૭૦૦ નિબંધોની અપેક્ષા રાખવામાં આવે છે. કેન્દ્રને છ ભૌગોલિક વિસ્તારમાં વહેંચી નાખવામાં આવ્યું છે અને સ્વયંસેવકોની ટૂકડીઓ આ કાર્યક્રમ માટે સોંપવામાં આવેલા કાર્યો કરી રહી છે. અમદાવાદ કેન્દ્રમાં સૌપ્રથમ વાર આવી પહેલ કરવામાં આવી છે અને આગળ પડતી સંસ્થાઓમાંથી મળતો પ્રતિસાદ ખૂબજ પ્રોત્સાહક છે.

વડોદરા કેન્દ્ર ખાતે લગભગ ૫૬ શાળા કોલેજોના આશરે ૫૭૦૦ વિદ્યાર્થીઓએ પૂરા જોશ અને ઉત્સાહ સહિત આ કાર્યક્રમમાં ભાગ લીધો.૨૦ પ્રતિબધ્ધ સ્વયંસેવકોની ટૂકડીએ આ જબરદસ્ત કાર્યક્રમ યોજવા માટે ઘણુ વહેલું આયોજન કર્યુ હતું.આ નિબંધ કાર્યક્રમનું પરિક્ષણ (મૂલ્યાંકન) પૂર જોશમાં શરૂ થઈ ચૂક્યુ છે.

દક્ષિણ કર્ણાટકમાં રાજ્યભરના આશરે ૫૦ થી ૬૦ સ્વયંસેવકોએ વિવિધ શાળાઓ–કોલેજોનો સંપર્ક કરી આ કાર્યક્રમ યોજવા માટે તેમને પ્રોત્સાહિત કર્યા કે જેથી તેઓ તેમના વિદ્યાર્થીઓને તેમાં ભાગ લેવા માટે પ્રેરિત કરી શકે. સંસ્થાઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો (ખાસ કરીને શાળાઓમાંથી,) જે પૈકીની ઘણી શાળાઓ એ વાતે ખુશ હતી કે આ રીતે આવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ભાગ લેતા બાળકોમાં એવા મૂલ્યોનું સિંચન થઈ શકે છે કે જે કામ કરવાના માર્ગો તેઓ શોધી રહ્યા હતા. વર્તમાનમાં, સમગ્ર દક્ષિણ કર્ણાટકની આશરે ૬૦૦ શાળાઓ અને કોલેજો આ કાર્યક્રમમાં ભાગ લઈ રહી છે. શ્રેષ્ઠ નિબંધોને અલગ તારવવા માટે મૂલ્યાંકનની પ્રક્રિયા ટૂંકમાં જ સ્થાનિક સ્તરે, રાજ્યકક્ષાએ તથા રાષ્ટ્રિય કક્ષાએ શરૂ કરવામાં આવશે.

### ચિત્તાનુર કેન્દ્રનો વિકાસ



ચિત્તાનુર એ આંધ્રપ્રદેશના મહેબૂબનગર જિલ્લામાં આવેલું એક નાનું ગામ છે. આ કેન્દ્ર ૧૯૯૧ માં બે અભ્યાસીઓ સાથે શરૂ થયું હતું અને આજે ત્યાં લગભગ ૩૫થી વધુ અભ્યાસીઓ છે. જેમાંના મોટાભાગના ખેતી કામદારો છે. અભ્યાસીઓની સંખ્યા વધતાંની સાથે અત્યારે જ્યાં સત્સંગ થાય છે, તે અભ્યાસીનું રહેઠાણ નાનું પડવા લાગ્યું. આ જરૂરિયાતને સંતોષવા બે અભ્યાસીઓએ સરકાર પાસેથી જમીનનો એક નાનો ટૂકડો ખરીદ્યો અને પૂ.માલિક પાસેથી (૧૮ ફૂટ –૩૦ફૂટ નો) એક ધ્યાનખંડ બાંધવા માટે પરવાનગી મેળવી લીધી, કે જ્યાં મિશનની તમામ પ્રવુતિઓ થઈ શકે. એક વર્ષ બાદ ધ્યાનખંડ તૈયાર થઈ ગયો. પૂ.માલિકે તા.૧૬ ઓગસ્ટ,રવિવારના રોજ સર્વપ્રથમ સત્સંગ કરવા માટે પરવાનગી આપી. મહેબૂબનગર જિલ્લાના તમામ અભ્યાસીઓ માટે આ ખરેખર એક ખાસ દિવસ હતો કેમકે મિશનની પ્રવૃતિઓ માટે પ્રાપ્ય એવું સમગ્ર જિલ્લાનું આ સૌ પ્રથમ મકાન હતું. ૭૫થી વધુ અભ્યાસીઓએ સમગ જિલ્લામાંથી આ કાર્યક્રમમાં ભાગ લીધો અને વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેતા સમગ્ર દિવસ પસાર કર્યો કે જેથી તેમની સહજ માર્ગની સમજણ વધુ ઊંડી થઈ શકે. એક વક્તાએ યોગ્ય રીતે જ કહ્યું કે, ચિત્તનુરનો આ ધ્યાનખંડ એ વાતની પુષ્ટિ કરે છે કે જો પ્રેમ, શ્રધ્ધા અને અભ્યાસીઓના સાચા દિલના પ્રયત્નો હોય, તો ઓછામાં ઓછા નાણાકિય સાધનોથી આવું સ્થાન ઊભું કરવાનું શક્ય છે.

શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડિયા
Zonal Activities
સપ્ટેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૫

## વર્કશોપ – મેંગલોર



મેંગલોર સેન્ટરમાં ૯મી ઓગસ્ટ ૨૦૦૯, રવિવારના રોજ ભાઈ મોહનદાસે એક વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં લગભગ ૩૫ અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

સત્સંગ પછી પૂ.માસ્ટરની ડી.વી.ડી. 'કર્તવ્ય અને ફરજ' દર્શાવવામાં આવી હતી. ત્યાર પછી, ભંડારાઓમાં ઉપસ્થિત રહેવા માટેનું મહત્વ તથા 'તેની' યાદમાં રહીને હાલત જાળવી રાખવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ચરિત્ર નિર્માણ ઘણું જ અગત્યનું છે તે સમજાવતા, તેમણે દસ નિયમમાંના એક નિયમ, 'તમારી રહેણી કરણી એવી સુંદર બનવી લો કે તે જોતાં જ બીજા લોકોમાં પ્રેમ અને પવિત્રતા ની લાગણી ઉદ્દભવે', તેને ટાંકીને જીવનમાં ઉતારવા માટે કહ્યું હતું. લક્ષ્ય હાંસલ કરવા માટે આપણાં ચારિત્ર્યમાં યોગ્ય ફેરફાર કરવા માટે આપણી ઈચ્છાશકિતનો ઉપયોગ કરવો જોઈએ, તેવું ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું.

બીજા જે મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા હતા, તે માનવ વિકાસમાં સદ્દગુરૂની ભૂમિકા તેમજ નિયમિત અભ્યાસ હતાં. રાત્રે સૂતાં પહેલાં પ્રાર્થના ધ્યાન કરવાની યોગ્ય રીત સમજાવવામાં આવી હતી. આ સેન્ટરમાં મિશનના ફેલાવા માટે જરૂરી અભિપ્રાયો મેળવવા સમૂહમાં ચર્ચાવિચારણા પણ યોજવામાં આવી હતી.

## ભોપાલ– મધ્યપ્રદેશના પ્રશિક્ષકોની મીટીંગ

૧૫મી ઓગસ્ટ ૨૦૦૯ના રોજ ૯ વર્ષના ગાળા પછી ભોપાલમાં એક સભાનું આયોજન થયું હતું. પ્રશિક્ષકોના કામ ને લગતા, ઘણાં જરૂરી મુદ્દાઓની વિચારણા થઈ અને આવતા મહિનાઓ માટે અયોજન કરવામાં આવ્યું હતું.

* પ્રશિક્ષકોના અનુભવ અને તેમની પોતાની નિયમિત સાધના એ મુખ્ય મુદ્દો હતો.
* મિશનની અંદર સંદેશાઓની આપ–લે માટે ઈ–મેઈલ ના ઉપયોગ ઉપર ભાર મૂકવામાં આવ્યો.
* ઝોનમા થતી એસએમાઅરટીઆઈની પ્રવૃત્તિઓની યોજના તેમજ ઝોનલ કેલેન્ડરની વિચારણા થઈ.
* મુખ્ય કાર્યાલય તરફથી પીપીટી ફોર્મમાં જે સિક્યુરીટી ગાઈડલાઈન ૨૦૦૮ રજૂ થઈ હતી તેને વ્યવહારમાં લાવવા વિષે ભાગ લેનારાઓને સમજાવવામાં આવ્યું.
* ઝોન–ઈન–ચાર્જ ભાઈ વિકલ્પે ઘણા બધા મુદ્દાઓની ચર્ચાઓ કરી હતી, જેમ કે, વિવિધ પ્રવૃત્તિઓના પ્રબંધન વિશે સેન્ટર–ઈન–ચાર્જની જવાબદારી, જુદાજુદા આશ્રમોના બાંધકામો પૂરા કરવા, કોરપસ મેમ્બરશીપ, ઓપન હાઉસ, ટ્રેનીંગ પ્રોગ્રામ, પ્રશિક્ષકોની સેટેલાઈટ સેન્ટરોમાં મુલાકાત ગોઠવવી, માસિક ધોરણે પ્રશિક્ષકોની બેઠક યોજવી વગેરે.
* ભવિષ્યના દિર્ઘાવલોકન માટે ભાઈ સચીન સિન્હાનું 'ઝોન માટે ભવિષ્યની કલ્પના' પરનું વ્યાખ્યાન મદદરૂપ પૂરવાર થયું હતું.

## ઈન્દોર



૫મી જુલાઈ, રવિવારના રોજ ઈન્દોર સેન્ટર ખાતે 'માનવીનું પરિવર્તન' વિષય પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાર્યક્રમને લગતા વિવિધ વિષયો ઉપર કેટલાંક વકતાઓએ વકતવ્ય આપ્યું હતું. ભાઈ સિન્હા 'આંતરિક યાત્રા' ઉપર બોલ્યા હતા અને આપણી સાધના દ્વારા આપણે આપણા સ્વથી આપણા સાચા 'સ્વ'માં કેવી રીતે પરાવર્તન પામીએ છીએ તે તેમણે સમજાવ્યું હતું. ભાઈ શ્રીનિવાસે 'પ્રેમ અને ભાઈચારાની લાગણી' કે જે જગતપરિવર્તનના ગુરુજીના સ્વપ્નનો એક ભાગ છે, તે વિકસાવવાના મહત્વ વિશે વકતવ્ય આપ્યું હતું. ભાઈ રાજેશે ગુરુજી પ્રત્યેનો જ પ્રેમ ત્વરિત આધ્યાત્મિક પ્રગતિ માટે જરૂરી છે –તે વિષય પર વકતવ્ય આપ્યું હતું. પ્રેમ તેના સાચા સાહજિક હેતુ –ઈશ્વર–તરફ જ વળેલો હોવો જોઈએ. ભાઈ વિકલ્પે ઘણા બધાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, નાના ચલચિત્રો, કોયડાઓ વડે પ્રોગ્રામની સમાપ્તિ કરી. આધ્યાત્મિક પ્રગતિ ઉપરના એક પ્રશ્નોત્તરી સત્રમાં ભાગ લેનારાઓને ઘણી મદદ મળી. આ કાર્યક્રમમાં લગભગ ૪૦૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. આ સંખ્યા આખા દિવસના –ફૂલ ડે કાર્યક્રમ– કરતાં પણ વધારે હતી.

## નાગપુરમાં અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ

વિદર્ભના અભ્યાસીઓ માટે ૨૮મી જૂન ૨૦૦૯ ના રોજ નાગપૂરમાં એક દિવસના એસએમઆરટીઆઈ અભ્યાસી ઈન્ડકશન ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. નાસિક કેન્દ્રના બહેન અનસૂયા રામચંદ્રનને આ પ્રોગ્રામના સંચાલન માટે બોલાવવામાં આવ્યા હતાં. આ પ્રોગ્રામમાં નાગપૂરના લગભગ ૩૦ અને આજુબાજુના સાત અભ્યાસીઓએ ભાગ લીધો હતો. આખો દિવસ અભ્યાસીઓના રસને જીવંત રાખવા ખૂબજ નિપૂણતાથી ચર્ચાવિચારણાઓના મુદ્દાઓને એકબીજા સાથે વણી લેવામાં આવ્યા હતા.

પ્રશ્નોત્તરીના સમયગાળા દરમિયાન બહેન અનસૂયાએ નવા અભ્યાસીઓની મુંઝવણોની સ્પષ્ટતા કરી હતી. પ્રતિભાવ ખૂબજ સારો હતો અને દર્શકોએ તેમના વિચારો અને અનુભવો ફીડબેક ફોર્મમાં જણાવ્યા હતા. બધાં જ અભ્યાસીઓએ પ્રોગ્રામમાં વણી લેવામાં આવેલા મુદ્દાઓને વખાણ્યા હતા અને આવા પ્રોગ્રામો નું આયોજન નિયમિત રૂપે કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકાયો હતો. કેટલાંકે એવી પણ ઈચ્છા વ્યકત કરી કે જે અભ્યાસીઓ એક વર્ષથી વધુ સમયથી અભ્યાસ કરતાં હોય તેમના માટે પણ આવા પ્રોગ્રામ યોજવા જોઈએ.



## ઉત્તર કર્ણાટકમાં ઓપન હાઉસ સેશન્સ

છેલ્લા બે મહિનામાં ઉ.કર્ણાટકે ઘણાં ઓપન હાઉસ સેશન્સનું આયોજન કર્યું હતું. આ અયોજનો બ્યાદગી, હાવેરી, રાની બેન્નુર, ગડગ અને ગુલબર્ગામાં થયાં હતાં. સહજ માર્ગ સંબંધિત વિષયો જેવા કે માસ્ટર, મિશન અને પધ્ધતિ પર ભાઈ કાશમપૂરકર, ભાઈ ગજેન્દ્ર અને બહેન સૂજાતાએ તેમનાં વિચારો રજૂ કર્યા હતા. આ આયોજનોને ખૂબ જ સારો પ્રતિભાવ સાંપડ્યો હતો અને ઘણાંએ મિશનમાં જોડાવાની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી હતી.

પાંચમી જુલાઈ ના રોજ ભાઈ ગૌત્તમ અલિપૂર અને ભાઈ મહેશ દેશપાંડેએ



ગુલબર્ગામાં મધર ટેરેસા ડી.એડ. કોલેજ માં એક સભાનું આયોજન કર્યું હતું જેમાં લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. બધાંએ ધ્યાનથી તેમને સાંભળ્યા હતાં અને પછીથી ઘણાં પ્રશ્નો પૂછ્યા હતા અને વક્તાઓએ આ પ્રશ્નોનું સમાધાન કર્યું હતું.



રાની બેન્નુરથી ૨૦ કી.મી. દૂર હાવેરી ડીસ્ટ્રીક્ટના બ્યાદગીમાં એમ.ડી. એચ. સ્કુલના પ્રાંગણમાં ૨૫ થી ૩૦ શિક્ષકો માટે એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. સહજ માર્ગ જેવા પથ દ્વારા સમાજમાં મૂલ્યો પછા લાવવા વિષે પ્રાધ્યાપિકાએ આંતરસૂઝથી સંબોધન કર્યું હતું. તેણીએ એ વાત પર ભાર મૂક્તાં જણાવ્યું કે સૈદ્ધાંતિક રીતે આ વિષે જાણ્યા પછી જેમણે આ સભામાં ભાગ લીધો છે તેઓ માટે જરૂરી છે કે તેઓ સાધના શરૂ કરે.



હુબલીથી લગભગ ૨૫ કી.મી. દૂર આવેલા હાવેરીમાં ૨૭મી જૂનના રોજ સમુદાય ભવનમાં બહેન સુજાતા કેરાવા દ્વારા એક ઓપન હાઉસનું કરવામાં આવ્યું હતું. લગભગ ૨૫ થી ૩૦ લોકોએ તેમાં ભાગ લીધો હતો. આ એક નાની સભા હતી કે જેમાં મોટા ભાગે સ્ત્રીઓ હતી અને થોડા પુરુષો હતા. આ સભાનું આયોજન, દાવણગિરિ કેન્દ્રના એક યુવાન અભ્યાસી, ભાઈ વિનાયકે, પોતાના સહજ માર્ગના અનુભવો અને પૂ.માસ્ટરના પરિવર્તનના વિચારોની સહજતાથી રજૂઆત કરી હતી. હાવેરીના સૂચના અધિકારી ભાઈ માયાચારે આ સભાના આયોજન માટે સારી એવી મદદ કરી હતી.

હાવેરીથી ૪૦ કી.મી. દૂર આવેલા હાવેરી જીલ્લામાં રાની બેન્નુર એક મોટી





જગ્યા છે જ્યાં જે.સી.આઈ. (જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ) ની સ્થાનિય પાંખ જોડે મળીને એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થામાં મુખ્યત્વે યુવાન ઉદ્યોગપતિઓ જોડાયેલા છે. લગભગ ૩૫ જેવા જે.સી.આઈ.ના સભ્યોએ આમાં ભાગ લીધો હતો. વિષય હતો 'સહજ માર્ગ પધ્ધતિ દ્વારા ધ્યાન'.

જે.સી.આઈ. ના પ્રેસિડન્ટ કે જેઓ એક ડોક્ટર છે, તેણીએ પોતાના પ્રતિભાવ આપતા વક્તવ્યમાં સ્વીકાર્યુ કે આજના સમયમાં ધ્યાન એ મનુષ્યના પરિવર્તન માટેની તાતી જરૂરિયાત છે.

૬ઠ્ઠી જુલાઈના રોજ ગુલબર્ગામાં બહેન હરીકુમારી ચાવડાના રહેઠાણે એક હોમ ગેધરીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં ૧૯ લોકોએ હાજરી આપી હતી કે જેમાં મોટે ભાગે ગુજરાતી બહેનો હતી. બહેન હરીકુમારીએ સહજ માર્ગનો પરિચય કરાવ્યો હતો અને બહેન લક્ષ્મી ચૌહાણે આધ્યાત્મિકતા, સહજ માર્ગ શા માટે, હ્યાત ગુરૂની જરૂરિયાત જેવાં વિષયો પર વક્તવ્ય આપ્યું હતું. બહેન રમોલા ચાવડા સફાઈની પધ્ધતિ વિષે બોલ્યા હતાં. ખૂબજ સારા વાતાવરણમાં પ્રોગ્રામ યોજાયો હતો. બધાં ગુજરાતી ભાષા જાણતાં હોઈ વક્તવ્યો ગુજરાતી ભાષામાં અપાયા હતાં.

"જો તમને કોઈ સમસ્યા નડે, કે કોઈ ગૂંચવાડો ઊભો થાય, કે પછી કોઈ અસહ્ય લાગણીનો ઉભળકો આવે, તો તે 'તેને' કોઈ પણ સમયે, કોઈ પણ સ્થળે, પ્રાર્થના દ્વારા સૂચવવી, તે તરત જ દૂર થઈ જશે."
–ધસ સ્પીક્સ બાબુજી, પાનું ૩૨



શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડિયા
Zonal Activities

સપ્ટેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૫

## વી.બી.એસ.ઈ નો પ્રારંભ, સોલાપુર, મહારાષ્ટ્ર



એસ.એમ.આર.ટી.આઈ.એ આપેલા પાઠ્યક્રમ મુજબ સોલાપુર સેન્ટરે ધોરણ ૧ થી ૭ ના બાળકોને વેલ્યુબેઈઝડ સ્પીરીચ્યુઅલ એજ્યુકેશન આપવાની શરૂઆત કરી છે. એક વર્ષ માટે મહિનામાં એક વાર, એક રવિવારે વર્ગ લેવાશે.

૧૨ જુલાઈ ૨૦૦૯ના રોજ સિંધુ વિહાર વિસ્તારમાં રહેતાં બાળકોને ધ્યાનકક્ષમાં લઈ જવામાં આવ્યા હતા. બહેન સુભદ્રા તથા બહેન છાયા કે જેઓ વ્યવસાએ શિક્ષિકાઓ છે, તેમણે ૫૯ બાળકોને વાર્તાઓની વિડિઓ દ્વારા પરિશ્રમ, એકતા, ભાઈચારો અને દોસ્તી વિષે શિક્ષણ આપ્યું હતું. બહેન સ્નેહલે આમાં તેમની મદદ કરી હતી. આ વાર્તાઓમાંથી શું શીખવાનું મળ્યુ છે તે બાળકોને પૂછવામાં આવ્યું ત્યારે બધાના આશ્ચર્યની વચ્ચે તેમણે એ સાબિત કર્યું કે જો તેમને તક આપવામાં આવે તો તેઓ વાર્તાઓમાં છુપાએલા અર્થને વયસ્ક લોકોથી પણ વધુ સારી રીતે સમજી શકે છે. નિયમિત શારિરીક કસરતોની જરૂરિયાત અને મહત્વ ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો હતો અને તેને બાળકોએ સકારાત્મકતાથી લીધો. માટે સ્વયંસેવકો દ્વારા યોજવામાં આવેલ હવે પછીના શારિરીક તાલિમ પ્રોગ્રામમાં પોતાનુ નામ પણ નોંધાવ્યું. બાળકોનો આવો પ્રતિસાદ જોઈને સ્વયંસેવકોને ભવિષ્યની પેઢીના વિકાસ અર્થે સ્વયંસેવકોને આવા પ્રોગ્રામ નિયમિત રીતે ગોઠવવા માટે ઘણી જ પ્રેરણા મળી. બધાજ બાળકો બિનઅભ્યાસી પરિવારના હોવા છતાં, તેમણે મિશનની પ્રાર્થના અંગ્રેજીમાં શીખી લીધી હતી, તે જોઈને બધાને ઘણોજ આનંદ થયો હતો.

## રેસિડેન્સીયલ કેમ્પ–ઝોનલ આશ્રમ,થુમકુંટા,હૈદરાબાદ

જે અભ્યાસીઓએ સાધનાના પાંચ વર્ષ પૂરા કરી લીધા હોય, તેવા અભ્યાસીઓ માટે શુક્રવાર ૭મી ઓગષ્ટથી રવિવાર ૯મી ઓગસ્ટ સુધી એક રેસિડેન્સીયલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ કરવા પાછળનો ઉદ્દેશ્ય હતો, આજના સખત પ્રતિસ્પર્ધાભર્યા આધુનિક સમયમાં અભ્યાસીઓ આત્મનિરીક્ષણ દ્વારા જીવન જીવવાની સહજ માર્ગ પધ્ધતિનું પુનઃનિરીક્ષણ કરી શકે, તેમજ નિયમિત સાધના જે રીતે બતાવી છે તે રીતે કરવાનુ મહત્વ સમજાવવાનું હતું. ઉપરાંત બીજો ઉદેશ એ હતો કે અભ્યાસી કેવી રીતે રૂચિ રાખી, સમર્પણ અને નિષ્ઠાથી સાધના કરી શકે તથા તેના વિષે ખુલ્લા દિલથી ચર્ચા કરી શકે.

૧૮ યુવાન અભ્યાસીઓ કે જેઓને અતિવ્યસ્ત જીવન રાતપાળીની નોકરી, ઈચ્છાશક્તિનો અભાવ તેમજ આળસ જેવા કારણોને લીધે નિયમિત અભ્યાસ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો, તેમણે આ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.

બધાએ આશ્રમમાં સાથે રહીને વિચારોની, લાગણીઓની અને સહજ માર્ગ સાધનામાં આવતી સમસ્યાઓની ખુલ્લા દિલથી આપ–લે કરી હતી. અંદરોઅંદરની નિખાલસ ચર્ચાને લીધે તેમને પોતાને તેમની સમસ્યાઓનુ સમાધાન મેળવવામાં મદદ મળી હતી. સ્થિર અને શાંત વાતાવરણમાં ધ્યાનની વ્યક્તિગત બેઠકોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વ્યક્તિગત રીતે સામસામે બેસવાથી સાધના સંબંધિત પ્રશ્નોની ચર્ચા કરવા માટે ખાસ્સો સમય પણ મળ્યો હતો.

પ્રોગ્રમ વિષેના તેમના અભિપ્રાયમાં તેમણે જણાવ્યું કે વ્યક્તિગત ધ્યાનની બેઠકોને લીધે તથા અંદરોઅંદરની ચર્ચાને લીધે તેમને ખાસ્સો લાભ થયો છે. બધાએ જ સંકલ્પ કર્યો કે તેઓ તેમની વ્યક્તિગત સાધનામાં સુધારો લાવશે. વાતાવરણને હળવું કરવા માટે તેમણે એક અર્થસભર નાટક પણ રજૂ કર્યુ. વ્યવસ્થાપકો તેમજ ભાગ લેનારાઓની ટીપ્પણીઓ અને નિરીક્ષણોથી આ પ્રોગ્રામ રવિવારે સાંજે ૬ વાગે સંપૂર્ણ થયો હતો.

## ઓસ્માનીયા મેડીકલ કોલેજ ખાતે વિચારોના આદાનપ્રદાનનો વર્કશોપ

૪થી ઓગસ્ટ,૨૦૦૯ ના રોજ હૈદરાબાદ સેન્ટરના વી.બી.એસ.ઈ.ના સભ્યોની ટુકડી દ્વારા ઓસમાનીયા મેડીકલ કોલેજના પ્રાંગણમાં મેડીકલના વિદ્યાર્થીઓ માટે એક ઈન્ટરેકટીવ વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ ૩ કલાક સુધી ચાલ્યો હતો. આમાં મેડીકલ કોલેજના ૨૦૦ નવા મેડીકલ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ વકતાએ રોજબરોજના નાના ઉદાહરણો દ્વારા "લાઈફ ઈન પરસ્પેકટીવ" વિશે ચર્ચા કરી હતી. બીજા વકતાએ વ્યક્તિગત લક્ષ્ય અને તેના માટે જરૂરી વિધિ અપનાવવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. તેમણે આમાં અભિગમ, હિંમત અને મનના નિયમનના સ્થાન વિષે પણ ચર્ચા કરી હતી. આ પ્રોગ્રામ એક નાના વિડીયો શો દ્વારા પરિપૂર્ણ થયો હતો.

શરુઆતમાં વિદ્યાર્થીઓ ચર્ચા કરવામાં ધીમા રહ્યા.(કારણકે આ તેમની કોલેજનો બીજો જ દિવસ હતો)પરંતુ પછીથી વેગ પકડાયો. આ પ્રોગ્રામમાં ભાગ લેવા બદલ આનંદ અને કૃતજ્ઞતાનો પ્રતિભાવ મળ્યો. તે સિવાય બીજા પણ પ્રતિભાવ મળ્યા, જેવાં કે,.... "આ પ્રોગ્રામથી મારું જીવન બદલાઈ ગયુ." "આ ખૂબજ યોગ્ય સમયે થયું." "આનાથી મને સમાજ માં મારું સ્થાન અને મારું કર્તવ્ય સમજાયુ."


"મારા જીવનમાં સ્થિરતા આવી".

"મારો આત્મા જ સૌથી અગત્યનો છે, તેનુ ભાન થયું."

સમયાંતરે આવા પ્રોગ્રામો યોજવાની વિનંતિ પણ કરવામાં આવી. તેમણે સૌથી વધુ હૃદયસ્પર્શી પ્રતિભાવ એ આપ્યો કે, તેઓ બીજા માટે સંવેદનાની લાગણી આનુભતા થયા છે. તેમણે એવી ઈચ્છા પ્રગટ કરી કે આવા પ્રોગ્રામો બીજી સ્કૂલો અને કોલેજોમાં અને ખાસ કરીને ગામડાઓમાં અને નાના શહેરોમાં યોજવા જોઈએ.

શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડિયા
Centres of Light
સપ્ટેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૫








## આર.કે.પુરમ ખાતે દિલ્હીનો આશ્રમ

દિલ્હી સેન્ટર ૧૯૫૮માં શરૂ થયું હતું અને દેશની રાજધાનીમાં શ્રી રામચંદ્ર મિશનની પ્રવૃત્તિઓ માટે કોઈ નિશ્ચિત જગ્યા નહોતી. ૬ ઠ્ઠી નવેમ્બર ૧૯૮૬ ના રોજ શ્રી રામચંદ્ર મિશનને દિલ્હી વહિવટ તરફથી દક્ષિણ દિલ્હીના આર.કે.પુરમમાં ૯૦૦ ચો.વારનો પ્લોટ ફાળવવામાં આવ્યો હતો. આ મીનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન એન્ડ કલ્ચરના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાને ભલામણ કરવાથી થયું હતું. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાએ શ્રી રામચંદ્ર મિશનને એક શૈક્ષણિક સંસ્થા કે જે યોગ માં તાલીમ આપે છે એ રીતે માન્યતા આપી હતી. ૧૯મી નવેમ્બર ૧૯૮૬ ના રોજ માસ્ટરે તેમની પત્ની શ્રીમતી સુલોચના(મામી)ની સાથે આ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યાં છોડ વાવ્યો હતો. ૧૯૮૦ સુધી એક શામિયાનાની નીચે સત્સંગ થતો હતો. તે સમયે પૂ.માસ્ટર, ભાઈ એમ.એમ.કપૂરને ઘરે સફદરગંજ એન્કલેવમાં રોકાતાં હતાં. હરણ પાર્કની બાજુમાં આવેલા સત્સંગના સ્થળ સુધી તેઓ ચાલતા જતાં હતાં. એક વખત એક સુંદર મોર પોતાના પીંછા સંપુર્ણ પણે ખોલીને માસ્ટરની વિરૂધ્ધની દિશામાં ઊભો હતો. માસ્ટર વિદેશી અભ્યાસીઓને તેની આગળની રંગીન બાજુ બતાવવા માંગતા હતાં તેથી તેમણે હળવેથી કહ્યું, ''ફરી જા'' અને મોરે તેનું તાત્કાલિક પાલન કર્યું હતું.

પૂ.માસ્ટર દ્વારા ૩જી ફેબ્રુઆરી ૧૯૮૭, વસંતપંચમીના રોજ, આ આશ્રમનો પાયાનો પથ્થર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે,''પ્રેમ બાહ્ય સ્વરૂપમાં નહીં પરંતુ અંદર હોય છે. એવી જ રીતે કે જેમ તમે કોઈ દુકાનમાંથી કોઈ વસ્તુ ખરીદો અને તેને એક સુંદર કાગળમાં લપેટવામાં આવી હોય, તો પણ તેની અંદર શું છે, તે મહત્વનુ છે નહીં કે બહાર શું છે તે. આજે તો કાગળને ફાડીને કચરાની ટોપલીમાં જ નાખી દેવામાં આવે છે. અંદર છે તે જ મહત્વનું છે. તે જ માસ્ટર ઈચ્છે છે કે જે આપણી અંદર છે.''



આ આશ્રમની રૂપરેખા જર્મનીના ભાઈ ઓટો સ્ટીડલે બનાવી હતી.જો કે નકશા તો ૧૯૮૭ માં તૈયાર થઈ ગયા હતા.પરંતુ, તેની સ્વિકૃતિ થવામાં ખાસ્સો લાંબો સમય લાગવાને કારણે બાંધકામ ૧૯૮૯ ઓકટોબરમાં શરૂ થયું હતું અને ત્યાં સુધી સ્થળ ઉપર જ શામિયાના નીચે સત્સંગ થતો હતો. જગ્યા થોડી નાની હોવાથી ભવનનુ નિર્માણ ચાર માળમાં કરવામાં આવ્યું હતું. બહારગામથી આવનાર અભ્યાસીઓને રહેવા માટે ભોંયરાનો ઉપયોગ થતો હતો. આ ભોંયતળિયામાં પ્રથમ સત્સંગ ગુરુદેવ દ્વારા ૧૩ ઓકટોબર ૧૯૯૧માં કરવામાં આવ્યો હતો. ગ્રાઉન્ડ ફ્લોર તેમજ ગેલેરીઓનો ઉપયોગ ધ્યાન દરમિયાન તેમજ બીજા ઉત્સવોના પ્રસંગે અભ્યાસીઓના બેસવા માટે કરવામાં આવે છે. બીજા માળે ગુરુદેવના રહેવા માટે બે ઓરડાનું કોટેજ બનાવવામાં આવ્યુ છે કે જ્યાં તેઓ પ્રથમ વખત ૨જી ડીસેમ્બર ૧૯૯૨ માં રોકાયા હતા.

જ્યારે પહેલા માળના ધાબાનાં કોંક્રીટીંગ માટે લોખંડ ના સળીયા મુકવાનુ કામ ચાલી રહ્યું હતું ત્યારે માસ્ટર તેનું નિરીક્ષણ કરવા ગયા હતાં. તે વખતે એક સળીયાના થોડા બહાર નીકળેલા ભાગથી માસ્ટરની આંગળી પર કાપો પડ્યો હતો અને થોડું લોહી નિકળવા માંડ્યુ હતું. તેમણે તે પ્રસંગને હળવાશથી લેતાં કહ્યુ હતું કે,''આ સારું થયું કે મને થોડું વાગ્યું છે, નહીં તો અહિંયા કામ કરનાર કોઈપણ વ્યક્તિને મોટી ક્ષતિ થઈ હોત.''

૧૯૯૨માં આશ્રમના ભવનનું નિર્માણ પુરું થતાં સુધીમાં અભ્યાસીઓની સંખ્યા ૪૦ થી વધીને ૩૦૦ સુધી પહોંચી ગઈ હતી. સ્થાનિક અભ્યાસીઓએ આ આશ્રમના નિર્માણ માટે ઉદાર દિલે દાન તેમજ તેમની કુશળ સેવાઓ આપી હતી. ગુરુદેવના ઉત્તરભારતના પ્રવાસ દરમિયાન (તથા વિદેશના પ્રવાસદરમિયાન પણ) તેમના રહેવા માટે આ આશ્રમ એક સુવિધાજનક સ્થળ પુરવાર થયું છે. ૧૯૯૮ માં ઉજવાયેલ માસ્ટરના જન્મદિવસના પ્રસંગે કે જે ઈન્દ્રપ્રસ્થ સ્ટેડિયમમાં ઉજવવામાં આવ્યો હતો તે સમયે આ આશ્રમ ઘણી બધી ગતિવિધિઓનુ સ્થળ રહ્યું હતું. હવે બાજુના રાજ્ય હરિયાણાના ગુરગાંવમાં, પાલમ ફાર્મમાં, એક બીજો ઝોનલ આશ્રમ બની ગયો છે કે જેની ૧૫ મી જુન ૨૦૦૧ માં નોંધણી થઈ હતી. હવે આ આશ્રમ આર.કે.પુરમ આશ્રમ તરીકે વધુ જાણીતો થઈ ગયો છે.




આ આર.કે.પુરમ આશ્રમ નવી દિલ્હી રેલ્વે સ્ટેશન તેમજ પાલમ વિમાનીમથકથી ૧૫ કિ.મી.થી સરખા અંતરે આવેલોછે. આવી સ્થિતિને કારણે આ આશ્રમ સતખોલ આશ્રમ જનારા તેમજ ત્યાંથી પરત ફરતાં અભ્યાસીઓને રહેવા માટે સુવિધાયુક્ત સ્થાનની જરૂરિયાત પૂરી પાડે છે.

**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india**
**For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved.
"Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.